PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા–૦૪/૧૬–૧૭/ ૮૬૪ તા. 30/01/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જીવણભાઈ છગનભાઈ કોળી,
ગામ: વેગડવાવ,
તા. હળવદ
જી: મોરબી

**વિષય :–વીજબીલ બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૨૦–૧૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૨/ક્વા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અંને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 /A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**કેસ નં. : સીજીઆરએફ : ૦૨/કવા–૦૪/૧૬–૧૭** **કમિટિ મીટીંગ તા.૨૫–૦૧–૧૭** **સ્થળ :–મોરબી**

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: જીવણભાઈ છગનભાઈ કોળી,ગામ: વેગડવાવ**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પુત્ર અશ્વીન જીવણભાઈ કોળી હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)**

**રજુઆત કરનાર :ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,હળવદ ના નાયબ ઈજનેર વી.સી.જેઠલોજા**

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૦૦૪૨૨/૩ માહેના મકાનનો જોડાયેલ વીજભાર ઘણોજ ઓછો છે. તેમજ, છેલ્લા ઘણા વર્ષો થી ૧૦૦ થી ૧૨૫ યુનીટ સુધી નુ બીલીંગ, જે વધુમા વધુ રકમ રૂ.૮૦૦/– નુ થાય છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને માહે ઓગષ્ટ–૧૬ મા રૂ.૧૫,૦૦૦/– ની રકમ નુ જે વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ, તેમના જોડાણ ના મકાન ની ક્ષમતા, જોડાયેલ વીજભાર અને, જોડાણ મા સ્થાપિત થયેલ સરેરાશ વીજવપરાશ થી અત્યંત વધુ છે. જેથી, તેઓ શ્રી એ, તેમની ગ્રામ પંચાયત ના લેટરપેડ મા, સબંધક પેટા વિભાગીય કચેરી ને, તા.૦૮–૧૧–૧૬ ના રોજ લેખીત અરજી આપેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી વ્યાજબી ધોરણસર કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરંજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, અને મૌખીક ચર્ચાઓ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેંપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ને, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૦૦૪૨૨/૩ નુ મીટર પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, તા.૧૦–૦૧–૧૭ ના રોજ, પર્ફોમા –૧૫ નંબર: ૧૨૪૯૧ થી, સવાલવાળુ જુન એલએન્ડજી કંપની ના મીટર નંબર: પીજીએસટી – ૦૦૦૩૫૫૬૦, જે સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા ૦.૭૩૮ વોટ નો વીજભાર જોડાયેલ હતો. સદર મીટર ની સ્થળ પર, એકયુચેક મીટર થી ચકાસણી કરવામા આવેલ હતી. જે દરમ્યાન મીટર યોગ્ય ફરતુ હોવાની બાબત પીજીવીસીએલ ને જણાયેલ હતી. આ સમયે મીટર મા છેલ્લા રીડીંગ ૭૪૮૫ જણાયેલ હતા. તેમજ, આ દિવસે એટલેકે તા.૧૦–૦૧–૧૭ ના રોજ નવુ એચ.પી.એલ. કંપની નુ મીટર નંબર: પીજીએસટી ૦૨૯૯૦૨૩૬૧, જે શરૂઆતના ૦૦૦૦૧ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. તદ ઉપરાંત,સદર મીટર ને તા.૧૭–૦૧–૧૭ ના રોજ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન એકયુરેસી ટેસ્ટ મુજબ સદર મીટર યોગ્ય ફરતુ હોય, તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીંગ ૭૪૮૫ નોંધાયેલ હતા. |
| ૨.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સ્થાપન પર નુ જુનુ સવાલવાળુ એલએન્ડજી કંપની ના મીટર નંબર: પીજીએસટી – ૦૦૩૫૫૬૦, જે લેબોરેટરી ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હોય, જેથી, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, તા.૨૨–૦૭–૧૬ ના રોજ નુ, રૂ.૧૪,૮૨૩/૧૩– નુ વીજબીલ, જે સવાલવાળા જુના મીટર મા નોંધાયેલ, વાસ્તવિક વીજવપરાશી એવા ૨,૨૬૦ યુનીટ ( અગાઉ ના માહે એપ્રીલ – મે– ૧૬ ના છેલ્લા રીડીંગ ૬૯૮૦– વીજબીલ ની રીડીંગ તા.૨૨–૦૭–૧૬ ના રોજ જણાયેલ, વાસ્તવિક એવા ૪,૭૨૦ યુનીટ = ૨,૨૬૦ યુનીટ) નુ વીજબીલ, જે યોગ્ય હોય, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત, અરજદાર શ્રી માટે નિયમાધીન છે. |

**મુદદા નં.—૩ :**

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૭૩૬૩૪/૦૦૪૨૨/૩ નુ સવાલવાળુ જુનુ લેન્ડીસગીયર કંપની ના મીટર નંબરઃ પીજીએસટી – ૦૦૩૫૫૬૦, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે ની કાર્યવાહી થી સ્થળ પરથી ઉતારી અને લેબોરેટરીમા ચકાસણી કરવામા આવતા, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ છે. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ જોડાણ મા, વાસ્તવિક રીતે થયેલ વીજવપરાશ મુજબ ના જ છે. જેથી, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુન–જુલાઈ– ૧૬ નુ, તા.૨૨–૦૭–૧૬ ના રોજ નુ, રૂ.૧૪,૮૨૩/૧૩– નુ વીજબીલ, જે સવાલવાળા જુના મીટર મા નોંધાયેલ, વાસ્તવિક વીજવપરાશી એવા ૨,૨૬૦ યુનીટ ( અગાઉ ના માહે એપ્રીલ – મે– ૧૬ ના છેલ્લા રીડીંગ ૬૯૮૦, અને સદર વીજબીલ ની રીડીંગ તા.૨૨–૦૭–૧૬ ના રોજ જણાયેલ, વાસ્તવિક એવા ૪,૭૨૦ યુનીટ = ૨,૨૬૦ યુનીટ) નુ વીજબીલ, જે યોગ્ય હોય, અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત, અરજદાર શ્રી માટે નિયમાધીન છે. |

**મુદદા નં.—૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને અપાયેલ – માહે જુન–જુલાઈ– ૧૬ નુ ૨૨૬૦ યુનીટ નુ, રૂ.૧૪,૮૨૩/૧૩ નુ તા.૨૨–૦૭–૧૬ ના રોજ અપાયેલ વીજબીલ – જે, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..